Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

नमो विमलगिरिजिनेंद्राय

# સિદ્ધાચલ ચૈત્યવંદન સ્તવન

શત્રુંજય સિદ્ધખેત્ર, દીઠે દુર્ગતિ નિવારે ।
ભાવ ધરીને જે ચઢે, તેહને ભવપાર ઉતારે ॥૧॥
અનંત સિદ્ધનો એ ઠામ, સકલ તીર્થનો રાય ।
પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિયા પ્રભુ પાય ॥૨॥
સુરજ કુંડ સુહામણો એ, કવડ જક્ષ અભિરામ ।
નભિ રાય કુલ મંડણો, જિનવર કરું પ્રણામ ॥૩॥

જં કિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ ચેઇયાઇં૦ જાવંત કેવિ સાહૂ૦ નમોऽर्हत्०

સ્તવન—રાગ પ્રભાતી–ઊઠોને મોરા આતમરામ !, પ્રભુ મુખ જોવા જઇયે રે, ઊઠોને૦ । સિદ્ધગિરિ ધ્યાવો વિમલગિરિ જાવો, કંચનગિરિ વેલાં વધાવો રે, સિદ્ધ૦ । એ આંકણી । ઇણ ગિરિવરિયારી મહિમા મોટી, કહેતાં ન લાગે ખોટી રે । રાયણ રૂખ સમોસર્યા સ્વામી, પૂર્વનવાણું મોટી રે, સિદ્ધ૦ ।૧। આંક. કોડિશું પુંડરિક સિદ્ધા, એ બે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોડિશું નમિ વિનમિ જાણો રે। દશ કોડિ પરિવારે દ્રાવિડ, વારિખિલ્લ વખાણો રે, સિદ્ધ૦ ।૨। રામ ભરત પાંડવ નારદ ઋષિરાયા, ગુણ પ્રભુકા ઈહાં ગાયા રે। કર્મ ખપાવી કેવલ પાયા, હુઆ શિવ-રમણી રાયા રે, સિદ્ધ૦ ।૩। થાવચ્ચાપુત્ર ને શુક શૈલક મુનિ, દેવકી નંદન સિદ્ધા રે। શાંબ પ્રદ્યુમ્ન કુમાર ઈહાં સિદ્ધા, કારજ નિજ નિજ કીદ્ધા રે, સિદ્ધ૦ ।૪। ગિરિવરે જિનજીકી સેવા હેવા, નિત નિત મુજને હોજો રે। જિનજ્ઞાને જિનધ્યાને રહિને, જિનચંદ્ર પદ લેજો રે, સિદ્ધ૦ ।૫। જય વીયરાય !૦

થુઈ—સેત્રુંજા શિખરે. જાણી લાભ અપાર, ચોમાસે રહિયા. ગણધર મુનિ પરિવાર। ભવિયણને તારે. દેઇ ધર્મઉપદેશ, દુધ સાકરથી પિણ. વાણી મીઠી વિશેષ ।૧।

ચૈત્યવંદન—આદિદેવ અલવેસરુ, વિનીતાનો રાય। નાભિરાયા કુલ મંડણો, મરુદેવા માય ।૧। પાંચસે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ। ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાલ ।૨। વૃષભ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લંછન વૃષ ધરુ એ, ઉત્તમ ગુણ મણિ ખાણ। તસ પદ 'પદ્મ' સેવન થકી, લહિયે અવિચલ ઠાણ। ૩।

સ્તવન—સિદ્ધાચલ મંડણ સ્વામી રે—એ આંકણી। ચોમાસું સિદ્ધાચલ કરિયે રે, મંદિર તલાટીયે નિત જઈયે રે। હાંરે જિન દર્શનના દ્વેષિ ન થઈયે, જાતીડા! જિન દર્શન સુખકંદો રે। હાંરે એ તો ટાલે ભવનો ફંદો, જાતીડા! જિન-દર્શન મત નિંદોરે ।।૧।। અમે જયણાથી ઇહાં જાસુંરે, પ્રભુ આણા તે દિલમાંહે ધરસું રે। હાંરે તેથી આરાધક અમે તરસું, જાતીડા! ચોમાસું સિદ્ધાચલ કરિયે રે, મં૦જા૦જિ૦ ।।૨।। અમે જિન દર્શનના રંગી રે, ઢુંઢકના નહીં અમે સંગી રે। હાંરે કિમ થઈયે જિન દર્શનના ભંગી, જાતીડા! ચો૦મં૦ ।।૩।। વર્ષાલે ગિરિ મુનિ જાવે રે, કોશ અઢી શ્રીવીર ફરમાવે રે। હાંરે કલ્પસૂત્ર વિરૂદ્ધ કિમ કહાવે, જાતીડા! ચો૦મં૦ ।।૪।। સિદ્ધગિરિ જિન દર્શન સારું રે, એતો લાગે મુઝ મન પ્યારું રે। હાંરે જિન દર્શને જિનચંદ્ર તારૂ, જાતીડા ચો૦મં૦ ।।૫।।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(થુઈ) શ્રીસિદ્ધાચલે, આદિ જિન આવ્યા, પૂર્વનવાણુ વાર જી। અજિત શાંતિ, ચોમાસું કીધું, ગણધર મુનિ પરિવાર જી ॥ દર્શન પૂજન, ભવિજન કીધું, દેશના અમૃત પીધું જી। ચોમાસે તલાટી દેરે, જિન દર્શન પૂજન, નર સ્ત્રી કિમ નિષેધું જી? ।૧।

સ્તવન–મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે, મારું મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે, દેખીને હરખિત થાય, વિધિશું કીજે રે જાત્રા એહની રે। ભવભવનાં દુઃખ જાય, મારું૦ ।૧। પંચમે આરે રે પાવન કારણે રે, એ સમો તીરથ ન કોય। મોટો મહિમા રે મહિયલ એહનો રે, આ ભરતે અહિયાં જોય, મારું૦ ।૨। એ ગિરિ આવ્યા રે જિનવર ગણધરા રે, સિદ્ધા સાધુ અનંત। કઠણ કરમ પણ એ ગિરિ ફરસતાં રે। હોવે કરમની શાંત, મારું૦ ।૩। જૈન ધર્મનો જાચો જાણીયે રે, માનવ તીરથ એ સ્તંભ, સુરનર કિન્નર નૃપ વિદ્યાધરા રે, કરતા નાટા હો રંભ, મારું૦ ।૪। ધન ધન દહાડો રે ધન વેળા ઘડી રે, ધરીએ હૃદય મઝાર। 'જ્ઞાનવિમળ સૂરિ!' એહના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણ ઘણા રે । કહેતાં ન આવેરે પાર, મારું૦ ।૫।

સ્તવન—સિદ્ધાચલ દર્શન કરવાને, મનડું ઉમાચું મારું ભવિજન ! ભવજલ તરવાને । ચોમાસું સિદ્ધાચલ કરસું જી, તલાટી મંદિર દર્શન કરિને પાવન થાસું જી, એ આંકણી । આદિ જિણંદ ઇહાં આવિયા રે, પૂર્વ નવાણું વાર । અજિત શાંતિ ચોમાસું કીધું, ગણધર મુનિ પરિવાર, સિદ્ધા૦। ચોમાસું૦ ।૧। દર્શન કરવા જે જન જાવે, તેને નિંદે નિષેધે । શંકા થઇ સમાધાન સ્તવનથી, કરસું આતમ બોધે, સિદ્ધા૦ ચોમાસું૦ ।૨। આણા માને જિનતણી રે, તે સંઘ આણા પ્રમાણ । જિન દર્શન નિષેધનું રે, કિમ કરું ઝૂઠ ડફાણ, સિધ્ધા૦ । ચોમાસું૦ । ૩ । વર્ષાલે અઢી કોશ ઉંચા રે, ગિરિ ચઢે અણગાર । કલ્પસૂત્રે આણા વીરની રે, કિમ નહીં માનું વિચાર, સિદ્ધા૦ । ચોમાસું૦ । ૪ । ટૂંકે તિમ તલાટીયે રે, પગલે મંદિરે ન જવાય । શાસ્ત્રે તેવો નિષેધ નહીં રે, આગે જાતા ને જવાય, સિદ્ધા૦ । ચોમાસું૦ । ૫ । તલાટી મંદિર દર્શને રે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે જાવે ભવ્યજીવ। તેને કિમ નિષેધિયે રે ?, હુંઢક પરે કરી ખીવ, સિદ્ધા૦। ચોમાસું૦। ૬। સિધ્ધગિરિ મંદિર દર્શને રે, જો વરજું નર નાર !। દુર્લભબોધિ હોય જીવડો રે, ઘણો ભમે સંસાર, સિદ્ધા૦। ચોમાસું૦। ૭। પગતિયાં પનર ડુંગર ચઢી રે, પગલાં દેખું નહીં દોષ। ચઢી આગે પગતિયાં જિન દેખું રે, કિમ માનું કહો દોષ, સિદ્ધા૦। ચોમાસું૦। ૮। જો કહું જીવ વિરાધના રે, જયણાથી નહીં હોય। તો તલાટી પગલે મંદિરે રે, જયણાએ ચાલો સહુ કોય, સિદ્ધા૦। ચોમાસું૦। ૯। અંધેરે ને ધુંવરે રે, વર્ષતે પુસ પુસે જાય। જયણા વિના ઇમ જાવતાં રે, વિરાધક તે થાય, સિદ્ધા૦। ચોમાસું૦। ।૧૦। જયણાએ ઇહાં ચાલવું રે, જયણાએ બેસંત। પાપકર્મ બાંધે નહીં રે, ઇમ ભાંખે ભગવંત, સિદ્ધા૦। ચોમાસું૦। ૧૧। એકેકું ડગલું ભરે રે, ગિરિ સન્મુખ ઉજમાલ। કોડિ રે ભવ સહસનાં કર્યાં રે, પાપ ખપે તતકાલ, સિદ્ધા૦। ચોમાસું૦। ૧૨। પગતિયાં પનર ડુંગર ચઢી રે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગે ઉપર ચઢે જેહ। તેને વિરાધક બોલતાં રે, સૂત્ર વિરૂદ્ધ હોય તેહ, સિદ્ધા૦। ચોમાસું૦।૧૩। તલાટી પગલે દર્શને રે, નહીં વિરાધક જેહ। તલાટી મંદિર દર્શને રે, નહીં વિરાધક એહ, સિદ્ધા૦। ચોમાસું૦ ।૧૪। તલાટી પગલે દર્શને રે, હોય આરાધક જેહ। તલાટી મંદિર દર્શને રે, હોય આરાધક તેહ, સિદ્ધા૦। ચોમાસું૦ ।૧૫। જિન દર્શન પૂજન થકી રે, પામે પરમાનંદ। ભવ ભવ દર્શન જિન તણું રે, મુઝને હોજો જિનચંદ !, સિદ્ધા૦। ચોમાસું૦ ।૧૬।

ચૈત્યવંદન—સોલમ જિનવર, શાંતિનાથ, સેવો શિરનામી। કંચન વરણુ શરીર કાંતિ, અતિશય અભિરામી ।૧। અચિરા અંગજ વિશ્વસેન, નરપતિ કુલચંદ। મૃગલંછન ધર પદકમલ, સેવે સુર નર ઇંદ ।૨। જગમાં અમૃત જેહવી એ, જાસ અખંડિત આણુ। એક મને આરાધતાં, લહિયે કોડિ 'કલ્યાણુ'।૩।

સ્તવન-અંગણુ કલ્પ ફલ્યોરી, હમારે માઈ! અંગણુ૦। ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ સુખ સંપત્તિ દાયક,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીશાંતિનાથ મિલ્યોરી, હ૦અં૦ ।૧। કેસર ચંદન મૃગમદ ઘોલી, માંહિ બરાસ મિલ્યોરી। પુજત શ્રીશાંતિનાથજીકી પ્રતિમા, અલખ ઉદ્વેગ ટલ્યોરી, હ૦અં૦ ।૨। સરણે રાખ કૃપાકર સાહિબ !, જ્યું પારેવો પલ્યોરી। 'સમયસુંદર' કહે તુમ્હારી કૃપા(સે) તે, હું રહિસું સોહિલોરી, હ૦ અં૦ ।૩।

થુઈ—શાંતિ શાંતિ કરી. ગર્ભે આવ્યા, માન્યું નીરોગતાએ. કલ્યાણ જી। તે ચ્યવને અવતરણે કૂખે, ગર્ભધારણે કલ્યાણ જી ॥ જન્મે કલ્યાણ દીક્ષાએ કલ્યાણ, કેવલજ્ઞાને કલ્યાણ જી। મોક્ષે કલ્યાણ જે કલ્યાણ ફલ જીવને, ન હોવે તે અકલ્યાણજી ॥૧॥

સ્તવન—શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિ કરણ અનુકુલમેં હો જિનજી !। તૂં મેરા મનમેં તૂં મેરા દિલમેં, ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબજી !, તૂં મેરા૦ ।૧। ભવમાં ભમતાં મેં દર્શન પાયો, આશા પૂરો એક પલમેં હો જિનજી !। તૂં મેરા૦ ।૨। નિરમલ જયોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ વાદલમેં હો જિનજી !। તૂં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેરા૦ ।૩। મેરા મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં હો જિનજી ! । તૂં મેરા૦ ।૪। 'જિન રંગ' કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલમેં હો જિનજી ! । તૂં મેરા૦ ।૫।

ચૈત્યવંદન—આદિમં પૃથિવીનાથ—માદિમં નિષ્પરિગ્રહં । આદિમં તીર્થનાથં ચ, ઋષભ સ્વામિનં સ્તુમઃ । ૧ । સુવર્ણવર્ણં ગજરાજગામિનં, પ્રલંબબાહું સુવિશાલલોચનં । નરામરેંદ્રૈઃ સ્તુતપાદપંકજં, નમામિ ભક્ત્યા ઋષભં જિનોત્તમં ।૨। અનંતવિજ્ઞાનવિશુદ્ધરૂપં, નિરસ્તમોહાદિપરસ્વરૂપં । નરામરેંદ્રૈઃ કૃતચારૂભક્તિ, નમામિ તીર્થેશમનંતશક્તિ ।૩। જં કિંચિ૦

સ્તવન—હેરિ માઇ ! ઋષભકી મેરે મન ભક્તિ વસીરી, માઈ ! ઋષભકી મેરે મન ભકિત વસીરી । પ્રથમ ભુવનપતિ પ્રથમ જિનેશ્વર, પ્રથમ જોગીસર પ્રથમ જતીરી । માઇ !૦ ।૧। પ્રથમ ભિક્ષાચર પ્રથમ તીર્થંકર, પ્રથમ કેવલજ્ઞાની ભુજગ પંતીરી । માઇ !૦ ।૨। શ્રી સિદ્ધાચલ સાહિબ ! મંડણ, પ્રણમત 'સમયસુંદર' હુલસીરી । માઇ !૦।૩।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તવન—ક્યું ન ભયે હમ મોર વિમલગિરિ.

ક્યું ન ભયે હમ મોર। ઋષભજી દેખત આનંદ ઉપજત, જૈસે ચંદ ચકોર, વિમલ૦ ।૧। ક્યું ન ભયે હમ શીતલ પાની, સિંચત તરુઅર છોર। અહનિશ જિનજીકો અંગ પખાલત, તોરત કર્મ કઠોર, વિમલ૦ ।૨। ક્યું ન ભયે હમ બાવના ચંદન, ઔર કેસર કોરિ છોર। ક્યું ન ભયે હમ મોગર માલતી, રહત જિનજીકે ઓર, વિમલ૦ ।૩। ક્યું ન ભયે હમ મૃદંગ જલ્હરિયાં, કરત મધુર ધ્વનિ ઘોર। જિનજીકે આગે નૃત્ય સુહાવત, પાવત શિવપુર ઠોર, વિમલ૦ ।૪। જગ મંડળ સાચો એ જિનજી, ઔર દેખા ન રાચત મોર। 'સમય સુંદર' કહે એ પ્રભુ સેવો, જન્મ જરા નહીં ઓર, વિમલ૦।૫।

થુઇ—વિમલાચલ મંડન. જિનવર આદિ જિણંદ, નિરમમ નિરમોહી. કેવલ જ્ઞાનદિણંદ। જે પૂર્વ નવાણું. વાર ધરી આણંદ, સેત્રુંજા ગિરિ શિખરે. સમવસર્યા સુખકંદ ।૧।

ચૈત્યવંદન—પુંડરિક ગણધરને નમું, ભાવધરિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉચરંગ । પ્રથમ જિણંદ ગણધર વિષે એ સહુમેં અતિચંગ ॥૧॥ આદિ જિણંદ આદેશથી, આવ્યા વિમલ ગિરિંદ । આદરિ અણુસણુ અતિભલું, પંચકોડિ મુનિચંદ ॥૨॥ સિદ્ધ ધ્યાન ધ્યાતાં થકાં એ, કરી કર્મનો નાસ । ચૈત્રિપૂનમ શિવસુખ લહ્યું, દ્યો જિનચંદ્ર ! તે વાસ ॥૩॥ જં કિંચિ૦

સ્તવન—નમો નમો પુંડરિક ગણધરુરે લો, આદિ જિણંદ ગણધાર, મનમોહ્યું રે । આદિ જિણંદ ઉપદેશથી રે લો, સિદ્ધગિરિ મુક્તિ નિરધાર, મનમોહ્યું રે, નમો૦ ॥૧॥ સિદ્ધાચલે અણુસણુ કરીરે લો, ધરતા સિદ્ધનું ધ્યાન, મનમોહ્યું રે । પંચકોડી પરિવારથિ રે લો, પામ્યા કેવલજ્ઞાન, મનમોહ્યું રે, નમો૦ ॥૨॥ ચૈત્રિપૂનમ મુગતે ગયા રે લો, સાદિ અનંત કર્યો વાસ, મનમોહ્યું રે । ભવ ભવ શરણું તાહરૂં રે લો, એ માંગું જિનચંદ્ર ! આસ, મનમોહ્યું રે, નમો૦ ॥૩॥

થુઇ–પુંડરગિરિ મહિમા. આગમમાં પરસિદ્ધ, વિમલાચલ ભેટી, લહિયે અવિચલ રિદ્ધ । પંચમી ગતિ પહોંતા. મુનિવર કોડાકોડ, ઇણુ તીરથ આવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ વિપાતિક છોડ ॥૧॥

ચૈત્યવંદન—જય જય નાભિ નરિંદ નંદ !, સિદ્ધાચલ મંડણ । જય જય પ્રથમ જિણંદ ચંદ !, ભવદુઃખ વિહંડણ ।૧। જય જય સાધુ સુરિંદવૃંદ, વંદિય પરમેસર ! । જય જય જગદાનંદકંદ !, શ્રી ઋષભ જિનેસર ! ।૨। અમૃત સમ જિન ધર્મનો એ, દાયક જગમેં જાણ । તુજ પદ પંકજ પ્રીતિ ધર, નિશિદિન નમત કલ્યાણ ।૩। જં કિંચિ૦

સ્તવન—ભાવ ધરિ ધન્ય દિન આજ સફલો ગિણું, આજ મૈં સજની ! આનંદ પાયો । હર્ષ ભરિ નિજર ધરિ વિમલ ગિરિ નિરખ કરિ, રજત મણિ કનક મોતીયન વધાયો ॥ભાવ૦ ॥૧॥ પગ પગ ઊમંગ ધર પંથ નિત પૂછતાં, ધન્ય હોય ચરણ ઇહાં ચલત આયો । આજ ધન દીહ જાગી સુકૃતકી દશા, આજ ધન દીહ ગિરિ સુજસ ગાયો ॥ભાવ૦ ॥ ૨॥ દૂર દુરગતિ ટલી યાત્રા વિધિશું કરી, પુણ્ય ભંડાર પોતે ભરાયો। વદત 'જિનરાજ' મણિરંગ સુર ગિરિ શિખર, ઋષભ જિનચંદ સુરતરુ કહાયો ॥ ભાવ૦ ॥ ૩ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(થુઇ) આવ્યા પૂર્વનવાણું આદિજિન, ચોમાસી અજિત શાંતિ કીધીજી। તીરથ આશાતના પ્રભાવ નષ્ટકારી, ઋતુવંતી પૂજા નિષેધી જી। સિદ્ધગિરિ જિન દર્શન પૂજન, સહુને ચોમાસે કીમ નિષેધૂં જી ?। અઢી કોશ ઊંચા ગિરિ જાવાનું, કલ્પસૂત્રે વીરે કીધૂં જી ॥ ૧ ॥

સ્તવન—પ્રભુ! મયાકરી, દિલરંજન દીદારકો દરિસણ દીજિયે, ( એ આંકણી )–શ્રી સિદ્ધાચલ ગિરિવર રાયા, પરમાતમ પદ સંપદ પાયા। શ્રી ઋષભ જિનેશ્વર જિનરાયા, પ્રભુ !૦ ।૧। જે સમતા સુખ સદા આપે, જડતા ચુત કુમતિ લતા કાપે। વલિ બોધ બીજને થિર થાપે, પ્રભુ !૦ ।૨। પર પુદ્ગલ મમતા દૂર ગમે, ચેતનતા નિજ ઘર માંહિં રમે। તિહાં જન્મ–મરણ દુઃખ સહુ વિરમે, પ્રભુ !૦ ।૩। જેહથી ભવ પરિણુતિ ચિત ન વસે, અધ્યાતમ અનુભવ ગુણ વિકસે। તિહાં સહજ સમાધિ દશા હુલસે, પ્રભુ !૦ ।૪। એ અધ્યાતમ વીનતી મધુરી, વાચક ગણિ ‘ક્ષમાકલ્યાણ’ કરી। પ્રભુ ! સફલ કરો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુજ હિત ધરી, પ્રભુ!૦ । ૫ ।

સ્તવન—ઋષભ જિનેસર દિનકર સાહિબ!, વીનતડી અવધારો રે જગના તારૂ, મુઝ તારોજી કૃપાનિધિ સ્વામી। જગ જસવાદ પ્રગટ છે તાહરો, અવિચલ સુખ દાતારો રે ॥જ૦ મુ૦ ॥૧॥ નિજ-ગુણ ભોકતા પરગુણ લોપ્તા, આતમ શકિત જગાયા રે ॥જ૦॥ અવિનાશી અવિચલ અવિકારી, શિવવાસી જિન રાયા રે ॥જ૦ મુ૦ ॥૨॥ ઇત્યાદિક ગુણ શ્રવણે નિસુણી, હૂઁ તુજ ચરણે આયો રે ॥જ૦॥ તુમ રીઝાવણ હેતે તતખિણ, નાટક ખેલ મચાયો રે ॥જ૦ મુ૦॥ ॥૩॥ કાલ અનંત રહ્યો એકેન્દ્રી, તરૂ સાધારણ પામી રે ॥જ૦॥ વરસ સંખ્યાતા વલિ વિકલેંદ્રી, વેષ ધર્યા દુઃખ ધામીરે ॥જ૦ મુ૦॥ ॥૪॥ સુર નર તિરિ વલિ નરક તણી ગતિ, પંચેંદ્રીપણો ધાર્યો રે ॥જ૦॥ ચૌવીસે દંડક માંહી ભમિયો, અબ તો હું પિણ હાર્યો રે ॥જ૦ મુ૦॥ ॥૫॥ ભવ નાટક નિત કરતો નવ નવ, હૂં તુઝ આગલ નાચ્યો રે ॥જ૦॥ સમરથ સાહિબ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુરતરૂ સરિખો, નિરખી તુઝને જાચ્યો રે ॥જ૦ મુ૦॥ ॥૬॥ જો મુજ નાટક દેખી રિઝયા, તો મુઝ વાંછિત દીજે રે ॥જ૦॥ જો નવિ રિઝયા તો મુઝ ભાખો, વલિ નાટક નવિ કીજે રે ॥જ૦ મુ૦ ॥૭॥ લાલચ ધરિ હું સેવા સારૂં, તૂં દુખડા નવિ કાપે રે ॥જ૦॥ દાતાસેતી સૂંબ ભલેરો, વહિલો ઉત્તર આપે રે ॥ જ૦ મુ૦ ॥૮॥ તુમ સરિખા સાહિબ પિણ માહરો, જો નવિ કારજ સારો રે ॥જ૦॥ તો મુઝ કરમ તણી ગતિ અવલી, દોષ ન કોઈ તુમારો રે ॥ જ૦ મુ૦ ॥૯॥ દીન દયાલ દયા કરિ દીજે, શુધ્ધ સમકિત સહિનાણી રે ॥જ૦॥ સુગુણ સેવકના વાંચ્છિત પૂરો, તેહિજ ગુણ મણિ ખાણી રે ॥જ૦ મુ૦ ॥૧૦॥ વર્ષઅઢારે ગુણતાલીસે, જેષ્ઠસુદી સોમવારો રે ॥જ૦॥ 'લાલચંદ' પ્રતિપદ દિન ભેટયા, વીકાનેર મઝારો રે ॥જ૦ મુ૦॥૧૧॥

ચૈત્યવંદન–સિદ્ધાચલે શ્રીનાભિરાય–નંદન જિન નમિયે। શાંતીશ્વર હત્થિણાઉરે, ભજી ભવ દુખ ગમિયે ।૧। ગઢ ગિરનારે નેમિનાથ, જાદવ કુલચંદ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાર્શ્વ પ્રભુ ખંભાયતે, દીપે દિણુ ઇંદ ।૨। શ્રી સાચોરે શોભતા એ, વીર પ્રભુ સુવિહાણુ । તીરથ પાંચે નિત નમો, કરણુ 'ક્ષમા કલ્યાણુ' ।૩।

સ્તવન–શત્રુંજય ઋષભ સમોસર્યા, ભલા ગુણુ ભર્યા રે । સીધા સાધુ અનંત, તીરથ તે નમૂં રે ।૧। તીન કલ્યાણુક તિહાં થયા, મુગતે ગયા રે । નેમીસર ગિરનાર, તીરથ૦ । ૨ । અષ્ટાપદ એક દેહરો, ગિરિ સેહરો રે । ભરતે ભરા૦યાં બિંબ, તી૦ ।૩। આબૂ ચોમુખ અતિભલો, ત્રિભુવન તિલો રે । વિમલવસહિ વસ્તુપાલ, તી૦ । ૪ । સમેતશિખર સોહામણો, રળિયામણો રે । સિદ્ધા તીર્થંકર વીસ, તી૦ ।૫। નયરી ચંપા નિરખીયે, હિયે હરખિયે રે । સિદ્ધા શ્રીવાસુપૂજ્ય, તી૦ ।૬। પૂર્વ દિશે પાવાપુરી, ઋદ્ધે ભરી રે । મુક્તિ ગયા મહાવીર, તી૦ । ૭ । જેસલમેર જુહારીયે, દુઃખ વારીયે રે । અરિહંત બિંબ અનેક, તી૦ । ૮ । વીકાનેરજ વંદીયે, ચિર નંદીયે રે । અરિહંત દેહરાં આઠ, તી૦ । ૯ । સેરિસરો સંખેસરો, પંચાસરોરે । ફલોધી થંભણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસ, તી૦ ।૧૦। અંતરીખ અજાવરો, અમીઝરો રે ।
જીરાવલો જગનાથ, તી૦ ।૧૧। ત્રૈલોકય દીપક
દેહરો, જાત્રા કરો રે । રાણપુરે રિસહેસ, તી૦ ।૧૨।
શ્રી નાડુલાઈ જાદવો, ગોડી સ્તવો રે । શ્રી વરકાણો
પાસ, તી૦ ।૧૩। નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલાં
રે !। રુચક કુંડલ ચાર ચાર, તી૦ ।૧૪। શાશ્વતી
અશાશ્વતી, પ્રતિમા છતી રે । સ્વર્ગ મૃત્યુ પાતાલ,
તી૦ ।૧૫। તીરથ યાત્રા ફલ તિહાં, હોજો મુઝ ઇહાં
રે !। 'સમય સુંદર' કહે એમ, તી૦ ।૧૬।

શ્રીસીમંધર જિન ચૈત્યવંદન–વંદુ જિનવર વિહ-
રમાણ, સીમંધરસ્વામી । કેવલ કમલા કાંત દાંત,
કરુણા રસ ધામી ।૧। કંચનગિરિ સમ દેહ કાંતિ,
વૃષ લંછિત પાય । ચોરાસી લખ પૂર્વ આય, સેવે
સુર–નર–રાય ।૨। પૂર્વ વિદેહ વિરાજતા એ, પુંડરી-
કિણી ભાણ । પ્રભુ ! દ્યો દર્શન સંપદા, કારણ પદ
'કલ્યાણ' ।૩। નમુત્થુણં૦

સ્તવન–શ્રીસીમંધર સાહિબા !,વીનતડી અવધાર
લાલ રે । પરમ પુરુષ પરમેશ્વરુ, આતમ પરમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધાર લાલ રે, શ્રીસીમંધર૦ ।૧। કેવલ જ્ઞાન દિવાકરૂ, ભાંગે સાદિ અનંત લાલ રે। ભાસક લોકાલોકને।, જ્ઞાયક જ્ઞેય અનંત લાલ રે, શ્રીસીમંધર૦ ।૨। ઇંદ્ર-ચંદ્ર-ચક્કીસરૂ, સુર-નર રહે કરજોડ લાલ રે। પદ પંકજ સેવે સદા, અણહુંતાં ઇક કોડ લાલ રે, શ્રીસીમંધર૦ ।૩। ચરણ કમલ પિંજર વસે, મુજ મન હંસ નિત્યમેવ લાલ રે। ચરણ શરણ મોહે આસરો, ભવોભવ દેવાધિદેવ લાલ રે, શ્રીસીમંધર૦ ।૪। અધમ ઉદ્ધારણ છો તુમે, દૂર હરો ભવદુઃખ લાલ રે। કહે 'જિન હર્ષ' મયા કરી, દીજો અવિચલ સુખ લાલ રે, શ્રીસીમંધર૦ ॥ ૫ ॥

ચૈત્યવંદન-પૂરવદેશે દીપતો, ગિરૂઓ ગિરિવર નિત્ય। તીર્થ શિખર સમ્મેત કો, ચાહું દર્શન નિત્ય ।૧। પ્રથમ ચરમ બારમ પ્રભુ, બાવીસમ વિણ-વીસ। અણુસણ કરી ઈણ ગિરિવરે, શિવ પહુંતા સુજગીસ ।૨। સુણિયે ઈણપરે સૂત્રમેં, જિનવર ગણધર વાણ। ભવિજન ભેટો ભક્તિશું, તીરથ કરણ 'કલ્યાણ'।૩। જં કિંચિ૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તવન—સાંભલો સુખદાઇ, જ્યાંકી છવિ વરણી ન જાઇ, સાંભલો૦। શ્રીઅશ્વસેન વામા નંદનકી, કીરતિ ત્રિભુવન છાઈ। સમેતશિખર ગિરિ મંદિર પ્રભુકો, દેખ દરસ હરખાઇ, હૃદય મેરો અતિ હુલસાઇ, સાંભલો૦ ।૧। આજ હમારે સુરતરુ પ્રગટયો, આજ આનંદ વધાઈ। તીન ભુવનકો નાયક નિરખ્યો, પ્રગટી પૂર્વ પુણ્યાઈ, સફલ મેરો જન્મ કહાઈ, સાંભલો૦ ।૨। પ્રભુકે દરસ સરસ વિન પાયે, ભવભવ ભટકયો ભાઈ!। અબ પ્રભુ ચરણ શરણ ચિત્ત ચાહે, બાલ કહે ગુણ ગાઈ, પ્રભુજીસે પ્રીતિ લગાઈ, સાંભલો૦ । ૩ ।

થુઇ—વીરે સિત્તર છોડિ. અંદર પચાસે કહી. સંવચ્છરી ઉપર. નહીં કલ્પે જી। સર્વ તીર્થંકર. દિન પક્ષ માસ વર્ષ. અધિક ગિનતીમાં જલ્પે જી ॥ જ્યોતિષકરંડ. સૂર ચંદ પન્નત્તીએ. ચૂર્ણિએ ભાંખે જિનભાણ જી। શ્રુતદેવી શુદ્ધ. બુદ્ધિ દેજો. શ્રીજિન-વચન પ્રમાણ જી ॥ ૧-૪ ॥

ચૈત્યવંદન—દેવવંદન દેવેંદ્રે કર્યું, શ્રીવીર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિપ્રકુલે જાણુ । ગર્ભ પુરૂષોત્તમ શક્રસ્તવે, ન ગર્ભ નીચ અકલ્યાણુ । ૧ । આષાઢિ સુદિ છઠ્ઠે ગર્ભાધાને, સૂરિ હરિભદ્રે કલ્યાણુ । અભયદેવસૂરિ શ્રેયઃ કહ્યું, ન વિપ્રકુલે અકલ્યાણુ । ૨ । ન આવે આવ્યા ગોત્ર કર્મથી, શ્રીવીર બ્રાહ્મણી કૂખ । અવતરિયા ક્ષત્રિકુંડે પ્રભુ, ત્રિશલા રાણીની કૂખ ।૩। તે આસોજ વદિ તેરસે, માન્યું ત્રિશલાએ કલ્યાણુ । ફલ વીરે વિપ્ર નીચ કુલથી, તે કિમ કહું અકલ્યાણુ ? ।૪। ઈંદ્રે ભદ્રબાહુએ કહ્યું એ, શ્રેય કલ્યાણુ ફલ જે । નિંદ્ય અકલ્યાણુક ભૂત કિમ ?, અહો જિનચંદ્ર વીર તે ।૫।

સ્તવન–જગજીવન જગવાલહો, એ દેશી–વીર જિણંદ ગુણ ગાવસું, જિમ થાય આતમ ઉદ્ધાર લાલરે । પુણ્ય યોગે પ્રભુ મુજ મલ્યો, પંચમ કાલ મઝાર લાલરે, વીર૦ ।૧। જગદીસર પરમાતમા, જગબંધુ જગનાથ લાલરે । જગ ઉપગારી જગગુરુ તુમે, જગરક્ષક શિવ સાથ લાલરે, વીર૦ ।૨। જિનગુણ કણ પણ કીર્ત્તના, ચિંતામણી સમ જાણુ લાલરે । અવગુણ બોલે ગોશાલો વલી, જમાલિ દુઃખની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાણુ લાલરે, વીર૦ ।૩। અનંત પુણ્ય કર્મ યોગથી, તીર્થંકર પદ ધાર લાલરે । ગોત્ર કરમ ઉદયે પ્રભુ, બ્રાહ્મણી કૂખે અવતાર લાલરે, વીર૦ ।૪। શક્રસ્તવે પુરુષોત્તમ, તેથી તે પ્રભુ ગર્ભ ઉચ્ચ લાલરે । ગર્ભ નીચ અપસદ અધમ કહે, પ્રભુ નિંદાએ હોવે નીચ લાલરે, વીર૦ ।૫। ગર્ભાધાન કલ્યાણુ શ્રેય છે, પંચ શક મઝાર લાલરે । ન ગર્ભ નીચ અકલ્યાણુ કહ્યું, તો કિમ વિરુદ્ધ ઉચ્ચાર લાલરે, વીર૦ ।૬। દેવાનંદા કૂખથી ત્રિશલા કૂખે, ગર્ભધારણુ શ્રેયરૂપ લાલરે । ઇંદ્રે તે નિશ્ચય માનીયું, ન માનું અકલ્યાણુરૂપ લાલરે, વીર૦ ।૭। શું માનું કલ્યાણુ ફલ માતા કહ્યું, હોશે તીર્થંકર તુમ પૂત લાલરે । વિપ્ર કુલ નીચ નિંદ્ય દાખવી, ન તે અકલ્યાણુકભૂત લાલરે, વીર૦ ।૮। કલ્યાણુ તે શ્રેય ભાંખિયું, શ્રેય તે કલ્યાણુ ફલ જાણુ લાલરે । નીચ અવરણુવાદે વીરનું, માનું તો મારું અકલ્યાણુ લાલરે, વીર૦ ।૯। ચ્યવન ઇંદ્રે ન જાણ્યું વીરનું, તો ઓચ્છવ કિહાં મંડાણુ લાલરે । મોક્ષે અંધારું ઠાણુંગમાં, પણુ માનીજે કલ્યાણુ લાલરે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીર૦ ।૧૦। જિનચંદ્ર વીર વિયોગથી, મોહથી થાય દુઃખ શોક લાલરે । દેવાનંદા ગૌતમને જિમ, લેજો કલ્યાણુ મોક્ષ એક લાલરે, વીર૦ ।૧૧।

થુઈ—વીરનાં તે પંચ કલ્યાણુ શ્રેયમાં, કહ્યાં કલ્યાણુ શ્રેય એહ જી। ચ્યવન કલ્યાણુ અવતરણુ કલ્યાણુ, ગર્ભ ધારણુ શ્રેય કલ્યાણુ જી ।। જન્મ કલ્યાણુ દીક્ષા કલ્યાણુ, કેવલજ્ઞાન કલ્યાણુ જી। મોક્ષ કલ્યાણુ જે કલ્યાણુ ફ્લ જીવને, ન હોવે તે અકલ્યાણુ જી ।૧।

ચૈત્યવંદન-સિદ્ધાર્થ સુત વંદીએ, ત્રિશલાનો જાયો। ક્ષત્રીકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો ।૧। મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા। બહોત્તેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાયા ।૨। ક્ષમા વિજય જિનરાજના એ, ઉત્તમ ગુણુ અવદાત। સાત બોલથી વર્ણવ્યા, 'પદ્મવિજય' વિખ્યાત ।૩।

થુઈ—કલ્યાણુ ગર્ભ હિ વીર હરણુ તે ધારણુ, ત્રિશલા કૂખે અવતરીયા (સંક્રમિયા)જી। કલ્યતણુ શ્રેય ફ્લ કલ્યાણુ સુપને, બે માતા ઈંદ્રાદિ સહુ માન્યા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જી ॥ નીચ ઉચ્ચ બે ગોત્રે અચ્છેરુ કલ્યાણુ જે, તે કિમ કહું અકલ્યાણુ જી । કલ્યાણુ જે ઉચ્ચ ગોત્રે તે નીચ વિપાક નિંદ્ય, કહી કિમ થાપું અકલ્યાણુ જી ? । ॥ ૧ ॥ સર્વ જિન માતા કૂખે જબ આવ્યા, કે મન્ને કલ્યાણુ ફળ માન્યા જી । કલ્યાણુ તે શ્રેય સુખ સમૃધ્ધિ પુત્ર લાભ, સુપને પાઠકે દિખલાયા જી ॥ રાણી રાજા ઇંદ્રે સર્વે તિમ માન્યા, શ્રુતકેવલી ભદ્રબાહુએ જી । કલ્પસૂત્ર પંચાશકે જિન ગર્ભ ધારણુ, કલ્યાણુ શ્રેય બતાવે જી ॥ ૨ ॥ શ્રીજિન પડિમા પૂજા ભાઁખી, ઋતુવંતી નહીં પૂજે નાર જી । ધન હાણી કાયા રોગ ઇહ ભવે હોવે, શાસન મલિનતા કાર જી ॥ જિન અંગ પૂજતી ઋતુવંતી થાય જે, કરે દેવ પ્રભાવ નિસાર જી । તે સ્ત્રી ન પૂજે દેવાધિષ્ઠ મૂલ બિંબ, જે શાસન ઉન્નતિ કાર જી ॥ ૩ ॥ વીર શાસન સિદ્ધાયિકા દેવી, સુર ગણુ કરે સદા સાર જી । વીર કલ્યાણુ શ્રેય ગુણુ ગણુ ગાતાં, શ્રેય કલ્યાણુ ફલ અપાર જી ॥ નીચ નિંદ્ય અકલ્યાણુકભૂત માની,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિમ બાંધું કર્મનો ભાર જી। જિન આશાતના અવગુણ બોલે, જિનચંદ્ર શાસન દૂર જી ॥૪॥

સ્તવન–ગિરૂઆ રે ગુણ તુમ તણા, શ્રીવર્દ્ધમાન જિનરાયા રે। સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નિર્મલ થાયે કાયા રે, ગિ૦।૧। તુમ ગુણગણ ગંગાજલે, હૂં ઝીલિને નિર્મળ થાઊં રે। અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે, ગિ૦।૨। ઝીલ્યા જે ગંગાજલે, તે છિલ્લર જલ નવિ પેસે રે। જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઇ નવિ બેસે રે, ગિ૦।૩। એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે। તે કેમ પરસુર આદરૂં, જે પર નારિ વશ રાચ્યા રે, ગિરૂ૦।૪। તૂં ગતિ તૂં મતિ આશરો, તૂં આલંબન મુજ પ્યારો રે। વાચક 'યશ' કહે માહરે, તૂં જીવનજીવ આધારો રે, ગિરૂ૦।૫।

થુઇ—કલ્યાણ તે શ્રેય રૂપે માનિયા એ, માતા બે કૂખે મહાવીર તો; સર્વ જિન જનની કૂખે એ. આવવું કલ્યાણ તિમ ધાર તો ॥ ભાંખી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિન પડિમા પૂજા એ, ઋતુવંતી ન પૂજે દેવ તો । જિન પૂજતી ઋતુવંતી થાય એ, પૂજે ન તે પ્રભાવિક દેવ તો ।।૧-૪।।

શ્રીવીર સ્તવન—નારે વીર ! નહીં માનું રે, નહીં માનું નહીં માનું રે । નહીં માનું તારું અકલ્યાણ, પ્રભુ ગર્ભ કલ્યાણ પ્રમાણ । ૧ । નારે વીર ! નહીં માનું રે, કિમ માનું ? કિમ માનું રે, પ્રભુ ! અકલ્યાણક ભૂત । જે ગર્ભાપહાર તાત, નારે વીર !૦ ।૨। આષાઢિ સુદિ છઠી દિને રે, આવ્યા દેવાનંદા કૂખ રે । તે દિન ગર્ભાધાને કલ્યાણ શ્રેય, એ પંચાશક સાખ, નારે વીર ! ।૩। આસોજ વદિ તેરસ દિને રે, ગર્ભધારણ ત્રિશલા કૂખ રે । ઇંદ્રે શ્રેય કલ્યાણ માતાએ, માન્યું કલ્પસૂત્ર મૂલ સાખ, નારે વીર !૦ ।૪। જન્મ દીક્ષા કેવલ મોક્ષ થયું રે, કલ્યાણ શ્રેય છ એ જાણ રે । અકલ્યાણ ગંધ સૂત્રે નહીં રે, જિનચંદ્ર વીર વખાણ, નારે વીર !૦ ।૫।

થુઈ—વીર ચ્યવન અવતરિયા બે કૂખે. ગર્ભધારણાદિ કલ્યાણ જી, સવિ જિન ચ્યવન. અવતરવું કૂખે. ગર્ભધારણાદિ કલ્યાણ જી । ભાંખ્યું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંદ્રે ખથી. કૂખે ગર્ભધારણ. શ્રેય ત્રિશલાએ કલ્યાણ જી, ઉત્સવે દેવવંદન. ધનાદિ વર્ષાએ. ઇંદ્રાદિ ન માન્યું અકલ્યાણ જી ॥૧॥

ચૈત્યવંદન—ચંદ્રપ્રભુ જિન આઠમા, સેવો ભવિ ! ભાવે । ભાવ ધરી પ્રભુ વાંદતાં, પરમાનંદ પાવે । ૧ । પરમાતમ પરમેસરુ એ, ચિદાનંદ જિનરાજ । ભવભવ તાહરી સેવના, સારે વંછિત કાજ । ૨ । પ્રભુ ધ્યાને પ્રભુ જ્ઞાનથી એ, લહિએ ભવનો પાર । શ્રીજિનચંદ્રની સેવના, આપે શિવ સુખ સાર । ૩ । જં કિંચિ૦

થુઇ—અષ્ટમી દિને. અષ્ટમ જિન પૂજો, આઠ કરમને હણવા જી । આઠ પહોરી પોષધ કરીને, ત્રિકાલે ત્રિઅષ્ટ, જિન વાંદવા જી ॥ આઠ પહોરી પહેલી અષ્ટમીએ, પૌષધાદિ કિમ. નિષેધૂં જી ?। હે શાસનસુર ! પર્વ તિથિ તે, અપર્વ કહી કિમ વિરાધૂં જી ? ॥ ૧-૪ ॥

ચૈત્યવંદન—જો ધુરિ સિરિ અરિહંત. મૂલદઢ-પીઢ પઇઠિઓ, સિદ્ધસૂરિ ઉવજ્ઝાયસાહુ ચઉ સાહ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગરિટ્ઠિઓ। દંસણ નાણુ ચરિત્તતવહિં. પડિસાહહિં સુંદરૂ, તત્તખ્ખર સરવગ્ગલદ્ધિ. ગુરૂપય દલડંબરૂ। દિસિવાલ જખ્ખ જખિખણિ. પમુહ સુરકુસુમેહિં અલંકિઓ, સો સિદ્ધચક્કવરકપ્પતરૂ. અમ્હહ મણુવંછિઅ દિઅઓ ।૧।

સ્તવન—નવપદ ધ્યાન સદા જયકારી, નવપદ ધ્યાન સદા સુખકારી। અરિહંત સિધ્ધ આચારજ પાઠક, સાધુ દેખો ગુણરૂપ ઉદારી। નવ૦।૧। દરિસણ જ્ઞાન ચરણ યે ઉત્તમ, તપ હોય ભેદે હૃદય વિચારી। નવ૦ ।૨। મંત્ર જડી ઓર તંત્ર ઘણેરા, ઉન સબકું હમ દૂર વિસારી। નવ૦।૩। બહુત જીવ ભવજલસે તારે, ગુણ ગાવતહૈ સહુ નરનારી। નવ૦ ।૪। શ્રી જિનભકત 'મોહન મુનિ' વંદત, દિન દિન ચઢતે હર્ષ અપારી। નવ૦ ।૫।

થુઇ—નવ પદ આરાધો. જાણી ગુણ અપાર। અરિહંતાદિ પૂજી. કરો આંબિલ નિરધાર ॥ અન્ન જલ બે દ્રવ્યથી. આંબિલ ભાંખ્યું સાર। શ્રીમહાનિશીથાદિમાં. શ્રુતદેવી દેજો સુવિચાર ॥ ૧-૪ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થુઇ—નમો અરિહંતાદિને. થાપના થાપી, ત્રિવિધે વાંદિ. સાધુ સાખે જી । કરેમિ ભંતે ! સામાઇયં. સાવજ્જં, પાપ જોગને પહેલી. પચ્ચખ્ખે જી ॥ પછી ઇરિયાવહિએ. શુદ્ધિ કરીને, સજ્ઝાય ચૈત્ય. વંદન કીજે જી । આવશ્યક ટીકાદિ મહાનિશીથમાં, કરો સુર સહાય. એ શ્રદ્ધિજે જી ॥૧–૪॥

થુઈ—વંદુ સિદ્ધચક્કે. પંચ પરમષ્ઠિને. સાધુ પદ તેહમાં કાલૂં જી, વંદું નવપદ સાધુ. નહીં ગાંઠ દસી ઓઘો. પાતરું રાખે કાલૂં જી। વંદું નવપદ સાધુ. ચઉદે ઉપગરણે. ઝોલી જીવજતનાએ ભાંખી જી, ઓઘનિર્યુક્ત્યાદિમાં. નહિં મિથ્યા ચક્કેસરી ! ધો મતિ કૃપા રાખી જી ॥૧–૪॥

થુઈ—શાસન નાયક. વીર જિણંદ વાંદિ, નમું ઋષભાદિ. સુખ સિંધૂ જી । અમાવસને પૂનમ. અધિકે ચઉદસ કિમ. વિરાધૂં જી ॥ ઉદય ચઉદસ. તેરસ મનાવી, કિમ પૌષધાદિ. નિષેધૂં જી। સિદ્ધાયિકા દેવી. શુદ્ધ બુદ્ધિ દેજો, પર્વ તિથિ તેહ. આરાધૂં જી ॥૧–૪॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૈત્યવંદન—પુરિસાદાણી પાસનાહ, નમિયે મનરંગ । નીલવરણુ અશ્વસેનનંદ, નિરમલ નિસ્સંગ । ૧ । કામિત પૂરણુ કલ્પ સાખ, વામા સુત સાર । શ્રીગોડીપુર સ્વામિ નામ, જપિયે નિરધાર । ૨ । ત્રિભુવનપતિ ત્રેવીસમો એ, અમૃત સમ જસુ વાણુ । ધ્યાન ધરંતાં એહનું, પ્રગટે પરમ 'કલ્યાણુ' । ૩ ।

સ્તવન–પ્રભુ પાર્શ્વ દેખ હુલસાયા, મૈં નગર નાકોડે આયા । તુમે નામ અનેક પ્રભુ ! ધારે, મકસી ગોડિ પાસ પ્રભુ પ્યારે રે, મૈં નગર૦, પ્રભુ પાર્શ્વ૦ ।૧। હસ્તિ દેવગતિ પદ પાયા, કલિ-કુંડ તીર્થ થપવાયા । જગન્નાથ જીરાવલી રાયા, શંખેશ્વર નામ ધરાયા રે, મૈં નગર૦, પ્રભુ પાર્શ્વ૦ । ૨ । જરાસંધકી જરા નિવારી, હુએ કૃષ્ણુ જય જયકારી । થંભણપુર સ્વામી નામી, ભવિજન મનકે વિસરામી રે, મૈં નગર૦, પ્રભુ પાર્શ્વ૦ ।૩। યોગિ નાગાર્જુનને ધ્યાયા, વો કંચન સિદ્ધિ પાયા । શ્રીમદ્ અભય દેવ સૂરિરાયા, પ્રભુ સ્તવને કુષ્ટ મિટાયારે, મૈં નગર૦, પ્રભુ પાર્શ્વ૦ । ૪ । અબ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇતની અરજી મેરી, પ્રભુ ! લીજિયે આપ સવેરી।
જિન ! 'કેશર' શરણે તોરે, મિટાદો ભવકે ફેરે રે,
મૈં નગર૦, પ્રભુ પાર્શ્વ૦ । ૫ ।

સ્તવન—પાર્શ્વં ચિંતામણિં ભવિજન ધ્યેયં, મન ઇપ્સિત દાતારં રે । પરમાતમ પરમ પદધારં, સર્વ મંગલ સુખકારં રે, પાર્શ્વ૦ ।૧। પત્તન લોદ્રવકૃત શુભ સ્થિતિં, ભૂમંડળ જીવ ત્રાણં રે । રત્ન ચિંતામણી સુરતરુ તુલ્યં, ચિંતા કદલી કૃપાણં રે, પાર્શ્વં૦ ।૨। કૃત પૂર્વ પુણ્યૈર્મયા લબ્ધં, વામાસુતસુદારં રે । ભકત્યા વંદેડહં જિન પાર્શ્વં, શિવરમણી દાતારં રે, પાર્શ્વં૦ ।૩। ચંચત્ શ્યામ વર્ણ પ્રભુમૂર્તિં, પાર્શ્વ સેવિત શુભ પાર્શ્વં રે । મિત્ર શત્રુ શમ ભાવ રસ લીનં, ન રાગ દ્વેષ મોહ ગર્વં રે, પાર્શ્વં૦ ।૪। ભવ્યજન ભવજલનિધિતરણે, ચારુસંસ્થિત પોતં રે । રાકા પૂર્ણેંદુમુખ કમલં, શાંત્યાદિક ગુણોપેતં રે । પાર્શ્વં૦ ।૫। સકલ ગુણગરિષ્ઠઃ તીર્થકૃત્ હ્યાશ્વસેનિઃ, અમર નરનિકાયઃ પ્રાણમદ્યસ્ય પાદં । ભુવિ ભવિકજ બોધે યઃ સદા સૂર્યતુલ્યઃ, સ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવતુ જિનચંદ્રો મુક્તિ સૌભાગ્ય દાતા । ૬ ।

સ્તવન—ચંદ્રાનન જિન, સાંભળીએ અરદાસ રે । મુઝ સેવક ભણી, છે પ્રભુનો વિશ્વાસ રે, ચં૦ ।૧। ભરતક્ષેત્ર માનવ પણો રે, લાધો દુઃષમ કાલ । જિન પૂરવધર વિરહથી રે, દુલહો સાધન ચાલ રે, ચં૦ ।૨। દ્રવ્યક્રિયા રુચિ જીવડા રે, ભાવ ધર્મ રુચિ હીન । ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન રે, ચં૦ ।૩। તત્ત્વાગમ જાણગ તજી રે, બહુ જન સંમત જેહ । મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરુ કહાવે તેહ રે, ચં૦ ।૪। આણા સાધ્યા વિના ક્રિયા રે, લોકે માન્યો રે ધર્મ । દંસણ નાણ ચરિત્તનો રે, મૂલ ન જાણ્યો મર્મ રે, ચં૦ ।૫। ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ । આતમ ગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે, ચં૦ ।૬। તત્ત્વ રસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ । જાણો છો જિનરાજજી રે, સઘલો એહ વિવાદ રે, ચં૦ ।૭। નાથ ચરણ વંદન તણો રે, મનમાં ઘણો ઉમંગ । પુણ્ય વિના કિમ પામીયે રે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ સેવાનો રંગ રે, ચં૦ ।૮। જગતારક પ્રભુ વાંદીયે રે, મહાવિદેહ મઝાર । વસ્તુ ધર્મ સ્યાદ્વાદતા રે, સુણી કરિયે નિરધાર રે, ચં૦ ।૯। તુઝ કરુણા સહુ ઉપરે રે, સરખી છે મહારાય । પણ અવિરાધક જીવને રે, કારણ સફલો થાય રે, ચં૦ ।૧૦। એહવા પણ ભવિ જીવને રે, દેવ ભકિત આધાર । પ્રભુ સમરણથી પામીયે રે, 'દેવચંદ્ર' પદ સાર રે, ચં૦ ।૧૧।

---

પ્રકાશકઃ–પન્યાસ કેશરમુનિ
ઠે. ગોપીપુરા શિતળવાડી–સુરત.

મુદ્રકઃ–નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.
શ્રી "શંકર" પ્રીન્ટીંગ પ્રેસ, ચઉટાપુલ ટાંકી પાસે–સુરત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

१०२

For Private and Personal Use Only